અનુસૂચિત જાતિના રૂ.૨.૦૦ લાખથી વધુ આવક ધરાવતા કુટુંબોની કન્યાઓને રાજય શિષ્યવૃત્તિના દરોમાં વધારો કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ અજાક-૧૦૨૦૧૧- ન.બા.૩૦-ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૨૫-૪-૨૦૧૨.

<u>વંચાણેલીધાઃ</u>

(૧) ભારત સરકારના તા.૩૧-૧૨-૨૦૧૦ના પત્ર ક્ર ૧૧૦૧૭-૦૧-૨૦૦૮-એસસીડી- ૫.
(૨) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરના તા.૨૧-૧૧-૨૦૧૧ ના પત્ર ક્રઃ અજાક- ગ.૧ – ૨૦૧૧-૧૨-૮૪૬૪-૬૫.

<u>ઠ રા વઃ-</u>

અનુસૂચિત જાતિના રૂ.૧.૦૦ લાખથી વધુ આવક ધરાવતા કુટુંબોની કન્યાઓને આમુખ-૧ માં દર્શાવવામાં આવેલ ભારત સરકારના તા.૩૧-૧૨-૨૦૧૦ ના પત્રથી શિષ્યવૃત્તિની યોજનામાં આવક મર્યાદા ૧.૦૦ લાખથી વધારી ૨.૦૦ લાખ કરવામાં આવેલ છે. આમ, ભારત સરકારની યોજના મુજબ અનુસૂચિત જાતિની કન્યા અને કુમારોના વાલીઓની ૨.૦૦ લાખ સુધીની આવક હોય તેમને શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. પરંતુ રાજય સરકારની બીસીકે-૫ ની યોજના મુજબ અગાઉ ૧.૦૦ લાખની આવક મર્યાદા હતી ત્યારે ૧.૦૦ લાખથી વધુ આવક મર્યાદા ધરાવતા કુટુંબની કન્યાઓને આ શિષ્યવૃત્તિનો રાજય સરકાર ધ્વારા લાભ આપવામાં આવતો હતો. તેજ ધોરણો મુજબ હવે જયારે ભારત સરકારે આવક મર્યાદા ૧.૦૦ લાખથી વધારીને ૨.૦૦ લાખ કરેલ છે. ત્યારે ૨.૦૦ લાખ થી વધુ આવક ધરાવતા વાલીઓની કન્યાઓ પોષ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિથી વંચિત ન રહી જાય તે માટે વર્ષ ૨૦૧૨-૧૩ ના અંદાજપત્રમાં રૂ.૩૦૦.૦૦ લાખની નવી બાબતની જોગવાઇ કરવામાં આવેલ છે.

પુખ્ત વિચારણાના અંતે અનુસૂચિત જાતિ ની કન્યાઓ કે જે સરકારી, સરકાર માન્ય ગ્રાન્ટેબલ, સરકાર માન્ય બીન સરકારી (સેલ્સ ફાયનાન્સ) શાળા, કોલેજો, શૈક્ષણિક સંસ્થાઓ, ઓપન યુનિસિટીઓમાં એસ.એસ.સી. પછીના અભ્યાસક્રમોમાં

અભ્યાસ કરતી હોય કે જેઓ ભારત સરકારની પોષ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિઓની તમામ શરતો પૂર્ણ કરતી હોય તેમને કેન્દ્ર ના ધોરણે નીચે મુજબ સુધારેલા દરે શિષ્યવૃત્તિ આપવાનું ઠરાવવામાં આવે છે. અને વર્ષ ૨૦૧૨-૧૩ ના અંદાજપત્રમાં કરવામાં આવેલ રૂ.300.00 લાખની નવી બાબતને વહીવટી મંજુરી આપવામાં આવે છે.

| ક્રમ | ગ્રુપ | ડેસ્કોલર | | ગ્રુપ | હોસ્ટેલર | |
|---|---|---|---|---|---|---|
| | | હાલનાદર (માસિક) | તા.૧/૭/૧૦ થી સુધારેલ દર (માસિક) | | હાલનાદર (માસિક) | તા.૧/૭/૧૦ થી સુધારેલ દર (માસિક) |
| ૧ | ગ્રુપ- I | 330/- | ૫૫૦/- | ગ્રુપ- I | ૭૪૦/- | ૧૨૦૦/- |
| ૨ | ગ્રુપ-II | 330/- | ૫30/- | ગ્રુપ-II | ૫૧૦/- | ૮૨૦/- |
| 3 | ગ્રુપ- III | ૧૮૫/- | 330/- | ગ્રુપ-II | 3૫૫/- | ૫૭૦/- |
| ૪ | ગ્રુપ- IV | ૧૪૦/- | ૨30/- | ગ્રુપ- IV | ૨3૫/- | 3૮૦/- |

આ યોજનાને આપવામાં આવેલ સૈધ્ધાંતિક મંજુરી નીચેની શરતોને આધિન રહેશે.

(૧) આ ખર્ચ તા.૧-૪-૨૦૧૨ થી કરવાનો રહેશે.

(૨) નાણાં વિભાગ ધ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં રહીને સને ૨૦૧૨-૧૩ ના વર્ષની બજેટ જોગવાઇને આધીન રહીને ખર્ચ કરવાનો રહેશે.

(3) જે હેતુ માટે બજેટ જોગવાઇ કરવામાં આવી હોય તે હેતુ માટેજ ખર્ચ કરવાનો રહેશે. અને વર્ષ આખરે રહેતી બચત રકમ સરન્ડર કરવાની રહેશે.

(૪) આ યોજનાના લાભાર્થીઓની યાદી નિભાવવાની રહેશે.

(૫) આ યોજનાની અન્ય શરતો યથાવત રહેશે.

આ અંગેનું ખર્ચ મુખ્ય સદર –૨૨૨૫- અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાતવર્ગોનુ કલ્યાણ- ગૌણ સદર- ૨૭૭-શિક્ષણ- ૦૪- બીસીકે-૫- અનુસૂચિત જાતિ પેટા યોજના આવક ધોરણ નોકરી અને કુટુબના કદના કારણે અપાત્ર ઠરતી છોકરીઓ માટે ભગવાન બુધ્ધ એસ.એસ.સી. પછીની રાજય શિષ્યવૃત્તિઓ યોજના હેઠળ થયેલ જોગવાઇમાંથી મેળવવાનું રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૨-૪-૨૦૧૨ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( શ્રીમતિ એસ.આર.ભુરીયા )
ઉપ સચિવ,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,
માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ર્ડા.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ર્ડા.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ /રાજકોટ
નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
સર્વે જીલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી, (નિયામકશ્રી મારફત)
સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રીઓ (નિયામકશ્રી મારફત)
સર્વે જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(પંચાયત)જીલ્લા પંચાયત, (નિયામકશ્રી મારફત)
બજેટ શાખા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
નાણાં સલાહકારશ્રી(સા.ન્યા), સચિવાલય, ગાંધીનગર
પસંદગી ફાઇલ.